# સુરત મહાનગરપાલિકા

## જાહેર વિજ્ઞપ્તિ

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

આથી, સુરતની જાહેર જનતાને જણાવવાનું કે, ભારત સરકારશ્રીના વન, પર્યાવરણ અને જલવાયુ વિભાગ ધ્વારા એપ્રિલ–૨૦૧૬ માં ઘનકચરાના નિયમન માટે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ– ૨૦૧૬ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. સદરહું રૂલ્સ મુજબ ૫,૦૦૦ ચો.મી. કે તેથી વધુ ક્ષેત્રફળ ધરાવતી સામુદાયિક સોસાયટીઓ અને સંસ્થાનોએ ઓર્ગેનિક વેસ્ટ (જેવા કે કીચન વેસ્ટ, વણવપરાયેલા શાકભાજી, ફળો, ગાર્ડન વેસ્ટ) વિગેરે અલગથી એકત્રીકરણ કરી નિકાલ કરવાનો રહે છે.

જે હકીકતે સુરત મહાનગરપાલિકા ધ્વારા પ્રાયોગિક ધોરણે ૫,૦૦૦ ચો.મી થી ઓછા ક્ષેત્રફળ ધરાવતી સોસાયટીઓને સુરત મહાનગરપાલિકા ધ્વારા ૧૦૦% આર્થિક સહાયથી તથા ૫,૦૦૦ ચો.મી કે તેથી વધુ અને ૨૦,૦૦૦ ચો.મી. ઓછા ક્ષેત્રફળ ધરાવતી સોસાયટીઓ ૫૦% આર્થિક સહાયથી જે વહેલા તે પહેલા ના ધોરણે, શરતોને આધિન,**'સ્વર્ણિમ સુરત'** યોજના હેઠળ ઓર્ગેનિક વેસ્ટ કર્ન્વટર(OWC) નો પ્લાન્ટ પ્રસ્થાપિત કરી આપવા અંગેની જાહેર વિજ્ઞપ્તિ પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ સ્કીમનો લાભ લેવા ઈચ્છતા હોય તેવી સોસાયટીઓ ધ્વારા સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ https://www.suratmunicipal.gov.in/Information/News પરથી અરજી ર્ફોમ ડાઉનલોડ કરી અથવા નજીક ની વોર્ડ ઓફીસ માં ઉપ્લબ્ધ અરજી ર્ફોમ તા.૨૫/૧૦/૨૦૧૬ સુધીમાં સંપૂર્ણ વિગતો ભરેલ અરજી જરૂરી દસ્તાવેજો સહિત સંબંધિત ઝોન/વોર્ડ ઓફીસ માં મોકલી આપવા જણાવવામાં આવે છે.

વધુમાં ૨૦,૦૦૦ ચો.મી કે તેથી વધુ ક્ષેત્રફળ ધરાવતા પ્રોજેકટો કે જેમા વન અને પર્યાવરણ વિભાગ પાસેથી પર્યાવરણીય મંજુરીઓ ફરજીયાત પણે લેવાની રહે છે. તેવા તમામ પ્રોજેકટોમાં પર્યાવરણીય મંજુરીની શરતના ભાગરૂપે ઓર્ગેનિક વેસ્ટ કર્ન્વટર (OWC) નો પ્લાન્ટ ફરજિયાત પણે પોતાની રીતે સ્વખર્ચે પ્રસ્થાપિત કરવાનો રહે છે. જે માટે સુરત મહાનગરપાલિકા કોઈ પણ જાતનો કેપીટલ ખર્ચ ભોગવશે નહિ.

સદર વ્યવસ્થા ઉભી કર્યા પછી સોસાયટી ધારકોને સુરત મહાનગરપાલિકા ધ્વારા લેવામાં આવતા સોલીડ વેસ્ટના યુઝર ચાર્જીસમાં ૫% રીબેટ આપવામાં આવશે. તથા સદર ઓર્ગેનિક વેસ્ટ કર્ન્વટર (OWC) માંથી ઉત્પન્ન થયેલા ખાતરનો સુરત મહાનગરપાલિકા ધ્વારા નિયત કરેલ કલેકશન સેન્ટર પર પ્રતિ કિગ્રા રૂા. ૨.૫૦ ના ભાવે નિયત કરેલ પેકીંગમાં આપવાનો રહેશે અથવા સુરત મહાનગરપાલિકા પોતાના વાહન મારફતે પ્રતિ કિગ્રા રૂા. ૧.૫૦ ના ભાવે લઈ જશે.

આપ સૌનો પર્યાવરણ નાં સંરક્ષણ માટે રચાયેલ ઉપરોક્ત વ્યવસ્થા/નિતી ના સહભાગી થવા જણાવું છું

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા